પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૫૦ | ૧ મે, ૨૦૨૨, રવિવાર; વૈશાખ સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# ઉ.પશ્ચિમી-મધ્ય ભારતમાં વિક્રમી ગરમી

**ગરમીએ ૧૨૨ વર્ષ જૂનો રેકોર્ડ તોડી નાખ્યો : સમગ્ર દેશમાં અંગ દઝાડતી ગરમીથી હાહાકાર : બાંદામાં ૪૭.૨ ડીગ્રી : દિલ્હી, હરિયાણા, જમ્મુ કાશ્મીર, લદ્દાખ, પંજાબ, ચંદીગઢ, હિમાચલ પ્રદેશમાં સામાન્ય કરતા ચાર ડિગ્રી તાપમાન વધારે જોવા મળ્યું હતું**

નવી દિલ્હી, તા.૩૦

આખા દેશમાં અંગ દઝાડતી પ્રચંડ ગરમીનો હાહાકાર જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગે તો નાના બાળકો અને વૃધ્ધ લોકોને ઘરની બહાર નિકળવા સામે પણ ચેતવણી આપી છે. ગરમીએ ૧૨૨ વર્ષ જુનો રેકોર્ડ તોડી નાંખ્યો છે. હવમાન વિભાગના કહેવા પ્રમાણે ઉત્તર પશ્ચિમી અને મધ્ય ભારતમાં



સરેરાશ તાપમાન ૧૨૨ વર્ષમાં અનુક્રમે ૩૫.૯૦ ડિગ્રી અને ૩૭.૭૮ ડિગ્રી સાથે સૌથી વધારે રહ્યુ છે.

દિલ્હી, હરિયાણા, જમ્મુ કાશ્મીર, લદ્દાખ, પંજાબ, ચંદીગઢ, હિમાચલ પ્રદેશમાં સામાન્ય કરતા ચાર ડિગ્રી તાપમાન વધારે રહ્યુ છે.

શુક્રવારે તાપમાનની વાત કરવામાં આવે તો આખા દેશમાં યુપીમાં બાંદામાં ૪૭.૨ ડિગ્રી તાપમાન નોંધાયુ હતુ. આ સિવાય મહારાષ્ટ્રના ચંદ્રપુર તેમજ રાજસ્થાનના શ્રીગંગાનગરમાં ૪૬.૪ ડિગ્રી તાપમાન નોંધાયુ હતુ. મધ્યપ્રદેશના ખજુરાહોમાં ૪૫.૪ ડિગ્રી, દિલ્હીના નઝફગઢમાં ૪૫.૯ ડિગ્રી તેમજ હરિયાણાના ગૂડગાંવમાં ૪૫.૯ ડિગ્રી સુધી તાપમાનનો પારો પહોંચ્યો હતો.

હવામાન વિભાગનુ કહેવુ છે કે, ઉત્તર ભારતના વિવિધ રાજ્યોમાં હીટ વેવથી આગામી દિવસોમાં રાહત મળે તેમ નથી. હવામાન વિભાગે પંજાબ, હરિયાણા, દિલ્હી, યુપી, રાજસ્થાન તેમજ એમપીમાં ઓરેન્જ એલર્ટ જાહેર કર્યો છે.

સમય પહેલા જ પડી રહેલી ગરમીના કારણે ભારત સહિત દક્ષિણ એશિયાના એક અબજથી વધારે લોકો ભયંકર ગરમી અને લૂના થપેડાનો માર સહન કરી રહ્યા છે.

## ભાજપને હરાવવા ત્રીજો-ચોથો મોરચો કામ નહીં લાગે : પ્રશાંત

**ભાજપને હરાવવી હશે તો બીજો ફ્રન્ટ જ આવો કરિશ્મા કરી શકશે માટે અન્ય મોરચાને મજબૂત બનાવવો પડશે**

નવી દિલ્હી, તા.૩૦

ચૂંટણી રણનીતિકાર પ્રશાંત કિશોર જેને હવે પીકેના નામથી જ ઓળખવામાં આવે છે અને જેમણે તાજેતરમાં જ કોંગ્રેસમાં ન જોડાવવાની જાહેરાત કરીને કોંગ્રેસને જાહેર મંચ પર અનેક સલાહો આપી હતી તેમણે ફરી આડકતરી રીતે કોંગ્રેસનો રાગ આલાપ્યો છે. તેમનું કહેવુ છે કે, ચૂંટણીમાં ભાજપને કોઈ ત્રીજો કે ચોથો ફર્નૂટ હરાવી શકશે નહીં, જો ભાજપને હરાવવી હશે તો બીજો ફર્નૂટ જ આવો કરિશ્મા કરી શકશે તેથી ભાજપને હરાવવા માટે અન્ય એક મોરચાને મજબૂત બનાવવો પડશે.

એક ઈન્ટરવ્યુમાં પ્રશાંત કિશોરે આગામી સામાન્ય ચૂંટણી, ૨૦૨૪ વિશે વાત કરતા તેમણે કહ્યું કે, જો બીજેપીને હરાવવી હશે તો તેના માટે બીજો મોરચો મજબૂત રીતે ઉભો કરવો પડશે.

જ્યારે પીકેને પૂછવામાં આવ્યું કે, શું તેઓ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીની પાર્ટી ટીએમસીને ૨૦૨૪ની સામાન્ય

● અનુસંધાન પાન-૭ પર

## દેશમાં ૩૬૮૮ નવા કેસ નોંધાયા

નવી દિલ્હી, તા.૩૦

ભારતમાં છેલ્લા થોડા દિવસોથી કોરોના કેસમાં વધારો થઈ રહ્યો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૬૮૮ નવા કેસ અને ૫૦ સંક્રમિતોના મોત થયા છે. શુક્રવારે ૩૩૭૭ નવા કોરોના કેસ અને ૬૦ લોકોના મોત થયા હતા. ગુરુવારે ૩૩૦૩ નવા કેસ અને ૩૯ સંક્રમિતોના મોત થયા હતા. બુધવારે ૨૯૨૭ નવા કેસ અને ૩૨ સંક્રમિતોના મોત થયા છે. મંગળવારે ૧૩૯૯ સંક્રમિતોના મોત થયા હતા. સોમવારે ૨૫૪૧ નવા કેસ અને ૩૦ સંક્રમિતોના મોત થયા હતા. રવિવારે ૨૫૯૩ કેસ નોંધાયા હતા અને ૪૪ સંક્રમિતોના મોત થયા હતા.

# બિહારમાં નિર્માણાધીન પુલ પવનથી ધરાશાયી

**બિહારના ભાગલપુરમાં ત્રણ કિલોમીટર લાંબો પુલ બની રહ્યો છે, વર્ષ ૨૦૧૫માં તેનું નિર્માણ શરૂ થયું હતું**

નવી દિલ્હી, તા.૩૦

જોરથી ફૂંકાતા પવનમાં વૃક્ષો ધારાશાયી થતા હોય તે સ્વાભાવિક વાત છે પણ બિહારમાં તો ૧૭૦૦ કરોડ રૂપિયાના ખર્ચે બની રહેલો પુલ જ પવનના થપેડામાં ભોંય ભેગો થઈ ગયો છે. પુલનુ બાંધકામ કેવુ હશે તેની કલ્પના કરી શકાય છે. સારૂ છે કે, પુલ બનતા પહેલા જ જમીનદોસ્ત થઈ ગયો છે. નહીંતર પુલ કાર્યરત થયા બાદ આ ઘટના બની હોત તો ઘણા લોકોને જીવ પણ ગુમાવવો પડત. બિહારના ભાગલપુરમાં ૩ કિલોમીટર લાંબો પુલ બની રહ્યો છે. ૨૦૧૫માં તેનુ નિર્માણ શરૂ થયુ હતુ. જોકે ભારે પવનમાં પુલ જ ધારાશાયી થઈ જતા આ વિસ્તારમાં ચકાચર મચી છે. હવે પુલ બનાવવમાં ભ્રષ્ટાચાર થઈ રહ્યો હોવાના આક્ષેપો થવા માંડ્યા છે. સ્થાનિક ધારાસભ્યનુ કહેવુ છે કે, એવુ તો કેવુ મટિરિયલ વાપરવામાં આવ્યુ હતુ કે, જરા વરસાદ અને પવનની વધારે ગતિ પણ પુલ સહન કરી શક્યો નહોતો... આ બાબતની તપાસ થવી જોઈએ.



### ● ગઢવી બેસણું ●



મારા ધર્મપત્ની ગુલાબબા રમેશદાન ગઢવી (ગામ-મુળી, હાલ-ગાંધીનગર) તા.૨૯-૦૪-૨૦૨૨ ને શુક્રવારના રોજ દેવલોક પામેલ છે. પ્રભુ ને ગમ્યું તે ખરૂ. સદ્‌ગતનું બેસણું : તા.૦૨-૦૫-૨૦૨૨ ને સોમવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ, સેક્ટર-૭, પોલીસ સ્ટેશન સામે, ગાંધીનગર.**

ઉત્તરક્રિયા ઉપરોક્ત સ્થળે અને તા.૦૮-૦૫-૨૦૨૨, રવિવારના રોજ રાખેલ છે.

રમેશદાન અભેસિંહ ગઢવી (પતિ) (મો.૯૩૨૭૦ ૫૨૪૭૦) | વિરેનકુમાર રમેશદાન ગઢવી (પુત્ર) (મો.૯૯૦૯૯ ૧૩૨૨૧)

**સમસ્ત સિંહઢાયચ (ગઢવી) પરિવાર**

